# જન્મદિને વધામણી



બાબુભાઈ જે નાયી
મો. ૯૫૭૪૧ ૨૨૪૪૯



વી એમ ઠક્કર
મો. ૯૮૯૮૦ ૨૧૭૨૯



તુષારકુમાર એમ પરમાર
મો. ૯૮૨૪૧ ૬૪૦૦૩



ઈલાબેન જોષી
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



ધૂન ઉજ્જવલ પટેલ
મો. ૯૬૬૨૫ ૪૪૫૪૮



રુતાંશ સંજય જોષી



અશ્વિનકુમાર એમ વ્યાસ
ફોન : ૨૩૨૨૬૦૯૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આજે કિશોર મકવાણા સંપાદિત પુસ્તકનો લોકાર્પણ સમારોહ

## ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે રાજ્યપાલના અધ્યક્ષસ્થાને સમારોહ ડૉ. નરેન્દ્ર જાધવ અને મહંત શંભુનાથજી વિશેષ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૦

કિશોર મકવાણા સંપાદિત ડૉ. આંબેડકર વિષયક પુસ્તકનો લોકાર્પણ સમારોહ રાજ્યપાલના હસ્તે શનિવારના રોજ યોજવામાં આવ્યો છે.

આ લોકાર્પણ સમારોહ અંગેની વિગતો આપતાં સંવેદના પબ્લિકેશનનાં અનિતા પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાતના જાણીતા લેખક-પત્રકાર કિશોર મકવાણા સંપાદિત ડૉ. બાબાસાહેબ આંબેડકરના ઉત્કૃષ્ટ વિચારોને આધારભૂત માહિતી સાથે પ્રગટ કરતા પુસ્તક 'ડૉ. બાબાસાહેબ આંબેડકરનો વિચાર વૈભવ'નો લોકાર્પણ સમારોહ રાજ્યપાલ ઓ પી કોહલીજીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો છે.




બુદ્ધપૂર્ણિમા, તા. ૨૧ મે, શનિવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ સભાગૃહ, ટાઈમ્સ ઑફ ઈન્ડિયાની પાછળ, ઑફ આશ્રમ રોડ, અમદાવાદ ખાતે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

પુસ્તક લોકાર્પણના આ કાર્યક્રમમાં ડૉ. નરેન્દ્ર જાધવ (લેખક, રાજ્યસભાના સભ્ય તથા આયોજન પંચના પૂર્વ સભ્ય) અને મહંત શંભુનાથજી (ગાદીપતિ, શ્રી સવગુણ મંદિર, ઝાંઝરકા અને રાજ્યસભાના સભ્ય) વિશેષ ઉપસ્થિત રહેશે.

# બી. કેશરશિવમ્‌નાં બે પુસ્તકોનું લોકાર્પણ રાજ્યપાલશ્રીના હસ્તે થયું

## 'આદિજાતિ ચેતનાની વાર્તાઓ તથા વાર્તાસ્પર્ધામાં પસંદગી પામેલ આદિજાતિ ચેતનાની વાર્તાઓ' એમ બે પુસ્તકોનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર, તા. ૨૦

ડૉ. ભીમરાવ આંબેડકરની સવાસોમી જન્મજયંતિના ઉપક્રમે જાણીતા દલિત લેખક બી. કેશર શિવમ્‌ની 'આદિજાતિ ચેતનાની વાર્તાઓ તથા વાર્તાસ્પર્ધામાં પસંદગી પામેલ આદિજાતિ ચેતનાની વાર્તાઓ' એમ બે પુસ્તકોની લોકાર્પણવિધિનો કાર્યક્રમ રાજ્યપાલ ઓ પી કોહલીના અધ્યક્ષપણ હેઠળ રાજભવન, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં જાણીતા વાર્તા-નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, જાણીતા સમીક્ષક ડૉ. ઉષાબેન ઉપાધ્યાય, શ્રમ અને રોજગાર વિભાગના અગ્રસચિવ સંજય પ્રસાદ (આઈએએસ) તથા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા કવિ ભાગ્યેશ જહાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં હતાં. ખાસ કરીને સંજય પ્રસાદે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થા દ્વારા આંબેડકર વિચાર તથા દલિત સાહિત્યના વિવિધ પ્રકારોમાં થયેલ ખેડાણ અંગેના હિન્દી, અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં પ્રગટ થનાર પુસ્તકોની ઓળખ રજૂ કરી હતી.

અધિક પોલીસ મહાનિદેશક ડૉ. મીરા રામનિવાસે બી કેશર શિવમ્‌ના દલિત તથા આદિજાતિ ચેતના સંદર્ભે લખાયેલ સાહિત્યની પ્રશંસા કરી હતી. અધ્યક્ષસ્થાનેથી રાજ્યપાલ ઓ પી કોહલીએ દલિત ચેતના તથા આદિજાતિ ચેતના સંબંધે પ્રગટ થયેલ સાહિત્ય સામાન્ય જનસમૂહમાં સંવેદનશીલતા પ્રગટાવે એ આજના સમયની માગ અને પડકાર એમ બંને છે, એમ દર્શાવી બી કેશરશિવમ્‌ની લેખન યાત્રા ઊંચા ચઢાણ સર કરે એવી શુભેચ્છા પ્રગટ કરી હતી.

બી કેશરશિવમે કાર્યક્રમના આરંભે દલિત અને આદિજાતિ ચેતના સંદર્ભે રચાયેલ સાહિત્યની પૂર્વભૂમિકા બાંધી સહુનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન 'આદિલોક'ના તંત્રી પ્રો. આનંદ વસાવાએ કર્યું હતું. કાર્યક્રમમાં નિવૃત્ત સનદી અધિકારી સી આર બિશ્વાસ, દલિત દલપત ચૌહાણ, એડવોકેટ જયંત સંઘદીપ અને બી કેશરશિવમ્‌ના શુભેચ્છકો તથા પરિવારજનોની ઉપસ્થિતિ નોંધપાત્ર બની રહી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
ઍક્સ મૅન (ડબ હિન્દી)
૩.૪૫, ૯.૪૫
ઍક્સ મૅન (ડબ અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫

**સ્ક્રીન-૪**
અઝહર
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
સરબજીત
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

# ત્રિદલ સંસ્થાની શૈક્ષણિક બેઠકમાં શૈક્ષણિક વાર્તાલાપ

ગાંધીનગર, તા. ૨૦

ત્રિદલ સંસ્થાની માસિક બેઠકમાં રવિવારે શૈક્ષણિક વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે કે શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય એવી ત્રિદલ સંસ્થાની મે માસની બેઠક તા. ૨૨ મે, રવિનારના રોજ સાંજે પાંચ કલાકે ૭૯૦, નમન ઍપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સૅક્ટર-૨૧ ખાતે યોજવામાં આવશે.

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરાના પ્રિન્સિપાલ ડૉ. કનુભાઈ નાયક 'ગુજરાતના શિક્ષણની દિશા અને દશા' વિષયે વાર્તાલાપ કરશે. સર્જકો, ભાવકો અને શિક્ષણવિદોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થા તરફથી જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# હવે, ગાંધીનગરમાં શાકભાજી પણ ઑનલાઈન

## ગાંધીનગરનાં બે ગૃહિણીઓ દ્વારા શાકભાજી ઓનલાઈનનો આવિષ્કાર : ગાંધીનગરથી જ ગાંધીનગરની જરૂરિયાત પૂર્ણ કરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરનાં બે ગૃહિણીઓએ શાકભાજી જેવી પ્રાથમિક ગૃહઉપયોગી વસ્તુઓ લાવવામાં ગૃહિણીઓને પડતી મુશ્કેલીઓને સમજીને હવે શાકભાજી પણ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા માટે વેબસાઈટ તૈયાર કરાવી છે અને ૨૨ મે, રવિવારથી આ વેબસાઈટનો પ્રારંભ થઈ જશે.

'અમે પણ ગૃહિણીઓ છે અને આવી નાની બાબતો ઘણી વખત કેટલી મોટી તકલીફ આપે છે એ અમે સમજીએ છીએ. અમારે ઘણીવાર આવી નાની પણ જરૂરી વસ્તુઓ લેવા માટે જવું હોય ત્યારે પતિ કે સંતાનની રાહ જોવી પડે છે અને એ આવે પછી જ બહાર જઈને આ વસ્તુઓ લાવી શકાય છે, આમ કરવામાં ઘણી વખત સમય પણ સાચવી નથી શકાતો ને અમુક વસ્તુઓ ભૂલી પણ જવાય છે. તો આવી જ તકલીફ વર્કીંગ વુમનને પણ થાય છે. ઓફિસના કલાકો સાચવવામાં ને પછી ઘર તરફ દોડવામાં એ ઘણીવાર અગત્યની વસ્તુઓ બજારમાંથી લઈને ઘરે નથી પહોંચી શકતી. આ બધી જ સમસ્યાઓના સમાધાનરૂપે અમને જે વિચાર આવ્યો તેના પરિપાકરૂપે શાકભાજી ઓનલાઇન અમે શરૂ કરી રહ્યા છીએ' એમ તુલિકા સુધીર કુમાર અને નિકિતા ઍસ સિંહાએ ગાંધીનગર સમાચાર સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું.

**shaakbhaji online**
An online store for your daily Fruits and Vegetables Requirements

આ ઓનલાઈન બિઝનેસ સાથે ઘણી વિશેષતાઓ જોડાયેલી છે, જેમકે ઓનલાઈન શાકભાજીની આ વેબસાઈટ પરથી શાકભાજી ઉપરાંત ફળોનું વેચાણ પણ કરવામાં આવશે અને ખાસ વાત એ છે કે તેમાં ઓર્ગેનિક અને નોન ઓર્ગેનિક એમ બંને પ્રકારનાં ઉત્પાદનો ગ્રાહકોને ઉપલબ્ધ થઈ શકશે.

અન્ય એક વિશેષતા એ છે કે મોટાભાગની શાકભાજી વડાલી વિસ્તારમાંથી આવશે, જ્યાંની સેવા સંસ્થા આદિજાતિના કૃષિ શ્રમિકોને રોજગારી મળે તે અર્થે તેમની પાસે ખેતીકાર્ય કરાવે છે અને તેમના દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું માર્કેટમાં વેચાણ કરી આપે છે. આમ, આ ઉત્પાદનોમાં માનવીય અભિગમ પણ સંકળાયેલો છે.

અન્ય એક વિશેષતા એ પણ છે કે નોન ઓર્ગેનિક ઉત્પાદનોને ઓઝોન વૉશ કરીને ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવશે. તમામ ઉત્પાદનોને સાફ કરી, તેમનું યોગ્ય પૅકીંગ કરી આપવામાં આવશે. ગ્રાહક ચાહે તો ઉત્પાદનોને અનપૅક કરીને સીધાં જ ઉપયોગમાં લઈ શકે એટલાં તૈયાર ઉત્પાદનો ગ્રાહકોને આપવાની આ ગૃહિણીઓની તૈયારી છે.

એ જ રીતે ઓર્ગેનિક ઉત્પાદનો માટે જાણીતા નામ 'નિરાવીન'ની સઘળા ઓર્ગેનિક પ્રૉડક્ટ્સ પણ આ વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે. કુલ મળીને ૭૬ પ્રકારનાં ઑર્ગેનિક ઉત્પાદનો શરૂઆતથી આ વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

છ માસના લેસન અને એકાદ લાખ રૂપિયાના રોકાણ પછી હવે આ ગૃહિણીઓ શાકભાજીનો ઓનલાઈન (ફોન અને ઍસઍમઍસથી પણ ઑર્ડર આપી શકાય) બિઝનેસ કરવા માટે તૈયાર છે અને શરૂઆતમાં ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના વિસ્તારો - કોબા, કુડાસણ, સરગાસણ, પેથાપુર, વાવોલ-માં ૩થી ૬ અને ૭થી ૧૦ એમ બે ટાઈમસ્લૉટમાં હોમ ડિલીવરી માટે તેઓ સજ્જ છે.

૨૨ મે, રવિવારે સવારે ૯ કલાકે ડૉ. આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨ ખાતે આ વેબસાઈટનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. પંચદેવ મંદિર, ગાંધીનગરના આચાર્ય ફૂલશંકર શાસ્ત્રીજીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાત ગોપાલક વિકાસ નિગમના ચૅરમૅન અરજણભાઈ મેવાભાઈ રબારી મુખ્ય મહેમાન તરીકે તથા ગુડાના ચૅરમૅન આશિષભાઈ દવે અને ગાંધીનગર ઉત્તર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

### આર્યસમાજ મંદિર ખાતે

# વિદ્યાર્થીઓ માટે ૨૪થી ૨૮ દરમ્યાન વિવિધ શિબિરો


ગાંધીનગર, તા. ૨૦

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ, ગાંધીનગર તથા આર્ય સમાજ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે વિવિધ શિબિરોનું આયોજન આગામી સપ્તાહ દરમ્યાન કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં આર્યસમાજ દ્વારા જણાવવામાં આવ્યું છે કે યોગાભ્યાસ, સ્મૃતિ શક્તિ વિકાસ, જીવનશૈલી, વ્યક્તિત્વ વિકાસ અનુસંધાને તા. ૨૪થી ૨૮ મે દરમ્યાન વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આર્યસમાજ હોલ ખાતે સાંજે ૬થી ૭.૩૦ દરમ્યાન આ શિબિરો યોજવામાં આવશે, જેમાં ૮થી ૧૫ વર્ષની વયજૂથનાં શિબિરાર્થીઓ ભાગ લઈ શકશે.

શિબિરમાં ભાગ લેવા માટે નામ નોંધણી કરાવવી જરૂરી છે, તેથી આર્યસમાજ ખાતે સવારે ૧૦થી ૧૨ દરમ્યાન નામની નોંધણી કરાવવા તેમજ આ અંગેની વધુ માહિતી માટે ફોન : ૨૩૨૮૯૫૭૮ અથવા મોબાઈલ નંબર ૯૪૨૬૧ ૪૯૨૪૯ દ્વારા સંપર્ક સાધવા પણ યાદીમાં વધુમાં જણાવાયું છે.

# 'તું પોતે જ જાગ, મુક્ત બન !'






અગ્નિ વિના મીણબત્તી ન સળગે, તેમ અધ્યાત્મ વિના માનવી જીવી ન શકે. હિંદુ ધર્મની માન્યતા મુજબ ભગવાન વિષ્ણુના દસ અવતારમાંથી ગૌતમ બૂદ્ધના અવતારને નવમો અવતાર માનવામાં આવે છે. જ્યારે ધર્મના નામે થતો પાખંડ, કર્મકાંડ, યજ્ઞના નામે થતી પશુ બલિ જેવી ધાર્મિક બદીઓએ માઝા મુકી હતી તેવા સમયે ઈ.સ. ૨૫૦૦ વર્ષ પૂર્વે હિમાલયની તળેટીથી આગળ નેપાળની તરાઈમાં કપિલવસ્તુનગરીમાં શાક્ય કુળના ક્ષત્રિય રાજા શુદ્ધોદન અને માતા માયાદેવીની કૂખે જન્મેલા સિદ્ધાર્થની માતાનું જન્મના સાતમા દિવસે અવસાન થતાં તેમનો ઉછેર તેમની પાલક માતા ગૌતમીએ કર્યો હતો. તેથી તે ગૌતમ મુનિના નામે ઓળખાયા અને શાક્ય કૂળના હોવાથી શાક્ય મુનિ તરીકે પણ ઓળખાય છે. ગૌતમ બુદ્ધે જીવનનાં ૮૦ વર્ષ આધ્યાત્મિક ચિંતન અને બૌદ્ધ ધર્મના પ્રચાર-પ્રસાર અર્થે સર્મિપત કરી દીધા હતા.

રાજકુમાર હોવાથી તેમનું બાળપણ બહુ વૈભવી વાતાવરણમાં વીત્યુંહતું, દરેક ઋતુપ્રમાણે અલગ-અલગ મહેલમાં રહેવાનું. કોઈ વસ્તુનો અભાવ નહીં. યુવાન થતાં તેમને રાજકુમાર જાહેર કર્યા અને તેમના લગ્ન યશોધરા સાથે થયાં હતાં. સમય જતાં તેમને રાહુલ નામના પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. પણ તેઓ જુવાની, વૈભવ, એશ-આરામ કેવળ ભોગવતા નહોતા પણ તેનો આરંભ, અંત, એમાં કેટલું સુખ અને દુ:ખ, ભોગનો સમય વિગેરેનો વિચાર કરતા. આમ કરતાં એમના મનમાં એવો વિચાર આવ્યો કે દરેક માણસ ઘડપણના સપાટામાં આવવાનો છે, વ્યાધિના સપાટામાં આવવાનો છે છતાં પણ તે ઘરડા માણસ, વ્યાધિગ્રસ્ત માણસનો તિરસ્કાર કેમ કરે છે? હુ પણ ઘરડો થવાનો છું... વ્યાધિગ્રસ્ત થવાનો છું તો આવા ઘરડા, વ્યાધિગ્રસ્ત માણસ પ્રત્યેનું આવું વર્તન મને ન શોભે...બસ આ વિચારે એમનો જુવાનીનો મદ જતો રહ્યો.

૨૯ વર્ષની વયે તેમને અચાનક એવું લાગવા માંડયું કે ભૌતિક સંપદા જ જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય નથી. આ જ મનોવ્યથા સાથે તે એક દિવસ નગરચર્યા કરવા માટે નીકળ્યા. આ દરમિયાન ઘરડો, રોગી, શબ અને સંન્યાસીનાં દર્શન થયાં...જરા, વ્યાધિ અને મરણનું રૂપાંતર ક્ષણે ક્ષણે દેખાતાં તેમને સુખોપભોગ તરફ કંટાળો આવવા લાગ્યો. સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉપજ્યો. એ રાત એમના માટે મહાભિનિષ્ક્રમણની રાત હતી. આ વાસ્તવિકતામાંથી જીવન જીવવાનો સાચો માર્ગ મળ્યો. જીવન મૃત્યુ જેવી નાશવંત ઘટનાઓ પાછળ દોડવા કરતાં જે સાશ્વત છે તે આત્મા સ્વરૂપને પામી લેવું જોઈએ એવું પ્રતીત થતાં તેઓ જીવનનાં દુ:ખોમાંથી મુક્તિનો માર્ગ શોધવા માટે વૈભવી જીવનનો ત્યાગ કરીને ભિક્ષુક બનીને નીકળી ગયા. તેમણે ધમ્મપદમાં લખ્યું કે : નિત્ય બળતા અગ્નિમાં આ હાસ્ય ને આનંદ શા ? અંધારે અથડાતા, હે, શોધો દીવો ન કાં ભલા ? સિધ્ધાર્થ પોતાના માતા-પિતા, પત્ની-પુત્ર, સગાસંબધી પ્રત્યે નિષ્ઠુર નહોતા, તેમનું હ્રદય તો પારિજાતકથી પણ કોમળ હતું. પોતે મોક્ષ પ્રાપ્ત કરવાના હેતુથી નહીં પણ તેની સાથે સાથે જગત કલ્યાણનો માર્ગ શોધવાની આવશ્યકતા હતી અને તેથી જ રાતોરાત ઘર છોડી નીકળી પડ્યા. તેમની જીવનદિશા બદલાઈ ગઈ.

મગધના ગયાજી નામના સ્થળે એક બોધિ વૃક્ષ નીચે બેસી તપ કર્યું. વૈશાખી પૂર્ણિમાએ તેમને જ્ઞાન પ્રાપ્ત થયેલું તેથી આ પૂર્ણિમાને બુદ્ધ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. આ એ જ દિવસ હતો જ્યારે તેમણે રાજકુમાર સિદ્ધાર્થથી બુદ્ધ ભગવાન તરફનું પ્રયાણ આદર્યું હતું.

હજારો માણસોએ એમનું શિષ્યત્વ સ્વીકાર્યું. એમણે શિષ્યોના ત્રણ ભેદ પાડ્યા : ગૃહસ્થ, ઉપાસક અને ભિક્ષુ. મનુષ્યને પોતાની ઓછીવત્તી શક્તિ પ્રમાણે મન, કર્મ અને વચને નિષ્ઠા થાય અને અષ્ટાંગ-માર્ગની સાધના કરતાં કરતાં તે બુદ્ધદશાને પામે એ હેતુને અનુકૂળ આવે એવી રીતે બુદ્ધે ધર્મનો ઉપદેશ કર્યો. બુદ્ધ સંપ્રદાય કોઈ દૈવત, સિદ્ધાંતો, વિધિઓ, કલ્પના, વાદ કે વ્રતોમાં શ્રદ્ધા રાખવાનું ન કહેતા સામાન્ય નીતિપ્રિય મનુષ્યની બુદ્ધિમાં ઉતરી શકે તેવા જ વિષયો ઉપર એ શ્રદ્ધા રાખવાનું કહે છે. એ આ ધર્મની વિશેષતા છે. તેમનો ઉપદેશ સ્વયંસિદ્ધ છે.


ભગવાન બુદ્ધે સ્મૃતિની સજાગતાને બહુ મહત્વ આપ્યું છે. તેમણે કહ્યું કે : 'મનનાં લક્ષણો પર સ્મૃતિનો અખંડ પહેરો લાગી જાય છે ત્યારે ચિત્તમાં રહેલા શાંતિ-ધનની ચોરી થતી અટકે છે.' શરીરમાં પળેપળ થતું પરિવર્તનનું અવલોકન કરી ચિત્તની અવસ્થાનું નિરીક્ષણ કરવા શ્વાસ-ઉચ્છ્‌વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની "વિપશ્યના"ની સાધનાને પુ:ન વિકસાવી કહ્યું કે 'તું પોતે જ જાગ, મુક્ત બન !' અને તેના દ્વારા જાગૃતિનાં સાધનો વિકસાવ્યાં. લોકોને સ્વસ્થ અને નિરોગી જીવનનો માર્ગ પણ ચીંધ્યો. જીવનનાં દુ:ખોમાંથી માર્ગ મેળવવા માટે અને પરમ સત્તાનું સાંનિધ્ય મેળવવા માટે ધ્યાન યોગનો સહારો લીધો.

# હાસ્યકાર જગદીશ ત્રિવેદીની ડૉક્ટરેટ ડિગ્રીની હેટ્રીક

સુરેન્દ્રનગર,

ગુજરાતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત હાસ્યકાર અને સર્જક જગદીશ ત્રિવેદીએ તાજેતરમાં પીઍચડી (ડૉક્ટરેટ)ની ત્રીજી ડિગ્રી પ્રાપ્ત કરીને ગુજરાત રાજ્યભરમાં એક રૅકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે.

જગદીશ ત્રિવેદીએ તેમના નાના સ્વ. દેવશંકર મહેતા ઉપર, તેમના ગુરુ અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત હાસ્યકાર, સર્જક શ્રી શાહબુદીન રાઠોડ ઉપર અને તાજેતરમાં સન્માનનીય સંત પૂ. મોરારિબાપુ ઉપર પોતાનું સંશોધનકાર્ય પૂર્ણ કર્યું છે. ઉલ્લેખનીય છે કે તેઓશ્રીએ નાની વયમાં ૫૦ પુસ્તકોનું લેખન કરીને ગુજરાતી સાહિત્યક્ષેત્રે પણ પોતાનું મહામૂલું યોગદાન આપ્યું છે.



જગદીશ ત્રિવેદીની આ સર્વોચ્ચ અને ઐતિહાસિક સિદ્ધિ બદલ સારસ્વતો તરફથી તેમના પ્રતિ અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# ચારણ ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે કન્યા છાત્રાલયનો આરંભ

## અમદાવાદ-ગાંધીનગર કોલેજની વિદ્યાર્થીનીઓ પ્રવેશ મેળવી શકશે

ગાંધીનગર, તા. ૨૦

ચારણ ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન (સીજીઆઈએફ) દ્વારા આયોજિત મહત્ત્વપૂર્ણ કાર્યો પૈકી એક એવા શક્તિ છાત્રાલયની શરૂઆત ગાંધીનગર ખાતે કરવામાં આવી છે.

જે કન્યાઓ ધોરણ-૧૨ પછી અમદાવાદ અથવા ગાંધીનગરની કોઈ કોલેજમાં એડમિશન મેળવ્યા બાદ આ કન્યા છાત્રાલયમાં રહેવા માગતી હોય તે પોતાનાં નામ સીજીઆઈએફના કોઈપણ મેમ્બરને મોકલી શકશે.

કન્યા છાત્રાલય પ્લોટ નં. ૧૦૩/૧, સૅક્ટર-૨ એ, ગાંધીનગર ખાતે સ્થિત છે. આ છાત્રાલયમાં પ્રવેશ મેળવવા હેતુ સુમિત્રા ગઢવી (૮૧૦૮૫ ૨૫૦૨૬), મનહરદાન ગઢવી (૯૮૨૫૩ ૨૮૧૦૧) અને નરહરદાન ગઢવી (૯૮૨૫૪ ૭૯૧૯૫)નો સંપર્ક કરવા આ અંગેની અખબારી યાદીમાં જણાવાયું છે.